૮

# કીડી હતી કે હાથી હશે?

**૧. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(અ) (૧) પહેલીવાર ટીકુ ચંદુને કેમ ઝડપથી શોધી શકી? પહેલીવાર ટીકુ ચંદુને ઝટપથી શોધી શકી કેમકે, ચંદુ જે પહોળા ઝાડ પાછળ સંતાઇ ગયો હતો ત્યાંથી તેની સૂંઢ અને પૂંછડી દેખાતી હતી. તે ઝાડ કરતાંય મોટો હતો.

(૨) 'તું તો ઝાડ કરતાંય જાડો છે.' – એવું ટીકુએ ચંદુને શા માટે કહ્યું? કેમકે ચંદુ પહોળા ઝાડ પાછળ સંતાઇ તો ગયો પણ ત્યાંથી પણ તેની સૂંઢ અને પૂંછડી દેખાતી હતી, તેથી ટીકુએ કહ્યું કે 'ચંદુ તું તો ઝાડ કરતાંય મોટો છે!'

(૩) જ્યારે ટીકુ ઝાડના પાન નીચે સંતાઈ ગઈ ત્યારે ચંદુએ એને શોધવા શું શું કર્યું? ચંદુએ ટીકુને શોધવા આજુ-બાજુ જોયું, આગળ-પાછળ જોયું, ઉપર જોયું, આમ-તેમ દોડ્યો અને પછી હાંફવા લાગ્યો.

(૪) ચંદુ થપ્પો ન કરી શકે માટે ટીકુએ શી યુક્તિ કરી? ચંદુ થપ્પો ન કરી શકે માટે ટીકુએ ચંદુના શરીર પર ચઢી તેને ખબર પણ ન પડે એવી રીતે તેની કાન ની પાછળ જઇ ને ત્યાં સંતાઇ ગઇ.

(બ) (૧) ચંદુ અને ટીકુ ક્યાં રહેતાં હતાં? ચંદુ અને ટીકુ જંગલમાં રહેતાં હતાં.

(૨) ચંદુ અને ટીકુ કઈ રમત રમ્યાં? ચંદુ અને ટીકુ થપ્પો દાવ ની રમત રમ્યાં.

(૩) ઝાડ પાછળ સંતાયેલા ચંદુનું શું દેખાતું હતું? ઝાડ પાછળ સંતાયેલા ચંદુને ટીકુ કીટી દેખાતી હતી.

(૪) બીજી વાર ટીકુ ક્યાં સંતાઈ ગઈ? બીજી વાર ટીકુ ચંદુ નાં કાન ની પાછળ સંતાઇ ગઇ.

**૨. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો :**

(અ) (૧) ટીકુ ચંદુને કેમ શોધી ના શકી? ચંદુ બુદ્ધિ વાપરીને મોટા-મોટા ગોળ પથ્થરો વચ્ચે પૂંછ-મોં, કાન સંકોરીને બેસી ગયો હતો, તે એક પથરા જેવો જ લાગતો હતો. તેથી ટીકુ ચંદુને શોધી ન શકી.



Scanned by CamScanner

(૨) ટીકુને ક્યારે નવાઈ લાગી? ટીકુ જે પથ્થર પર ચડેલી હતી તે પથ્થર ઊભો થયો. એ પથ્થર નહિ, પણ ચાંદુ જ હતો. તે જાણી ટીકુને નવાઈ લાગી.

(બ) (૧) 'ઝાડ-ઝાડ' રમ્યાં હોત તો કોણ જીતી જાત? કેવી રીતે? 'ઝાડ-ઝાડ' રમ્યાં હોત તો ચાંદુ જીતી જાત. કારણ કે ચાંદુ મોટું ઝાડ પણ પાડી શકે.

(૨) 'દર... દર...' રમ્યાં હોત તો કોણ જીતી જાત? કેમ? 'દર-દર' રમ્યાં હોત તો ટીકુ જીતી જાત. કારણ કે ટીકુ નાનામાં નાના દરમાં પણ ઘૂસી શકે.

૩. નીચેનાં વિધાનોમાંથી ખરાં વિધાનો સામે ✔ ની અને ખોટાં વિધાનો સામે ✘ ની નિશાની કરો :

(૧) હાથી અને કીડી દુશ્મન હતાં. ✘

(૨) હાથી કુસ્તી રમવા માગતો હતો. ✔

(૩) હાથી ઝાડ ઉપર સંતાઈ ગયો. ✘

(૪) કીડી ઝાડના પાન નીચે છુપાઈ ગઈ. ✔

(૫) કીડી જોરજોરથી ફૂંફાડા મારવા લાગી. ✘

(૬) કીડી મોટેથી બૂમાબૂમ કરવા લાગી. ✘

(૭) બંને વખત હાથીએ કીડીને શોધી કાઢી. ✘

(૮) હાથી કાળા ખડકો વચ્ચે સંતાઈ ગયો. ✘

(૯) કીડી હાથીના કાન પાછળ સંતાઈ ગઈ. ✔

(૧૦) જોરજોરથી હસતાં કીડીના બે દાંત બહાર આવી ગયા. ✘

Scanned by CamScanner

૪. બંધબેસતાં જોડકાં જોડો : *('બ'માંથી સાચો ઉત્તર શોધી તેનો ક્રમ-અક્ષર 'અ'માં આપેલા ☐ માં લખો :)*

| 'અ' | ઉત્તર | 'બ' |
|---|---|---|
| (૧) ચંદુ | ઘ | (ક) કીડી |
| (૨) ટીકુ | ક | (ખ) ચામડી જાડી |
| (૩) પવન ફૂંકાયો | ચ | (ગ) બંને દુશ્મન |
| (૪) ચંદુની | ખ | (ઘ) હાથી |
| | | (ચ) પાંદડાં ઊડ્યાં |

૫. નીચેનાં વાક્યો કોણ બોલે છે તે લખો :

(૧) હું તો તૈયાર જ છું કુસ્તી-કુસ્તી રમવા. – ચંદુ

(૨) તું તો ઝાડથીય જાડો છે. – ટીકુ

(૩) અરે, હું મરી જઈશ. – ટીકુ

(૪) એકવાર તું જીતી. – ચંદુ

(૫) એકવાર હું હારી. – ટીકુ

Scanned by CamScanner

| | કીડી | હાથી |
|---|---|---|
| (૧) | મશ્કરી કરે છે. | બહાર આવ. હવે. |
| (૨) | હવે બરાબર સંતાજે હો. | હવે મારો દાવ. |
| (૩) | બચાવો... બચાવો... | ચાલ સંતાઈ જા. |
| (૪) | એનઘેન દીવાઘેન | એનઘેન દીવાઘેન. |
| (૫) | એક વાર તું હાર્યો. | એકવાર તું જીતી. |
| (૬) | | એકવાર હું જીત્યો. |

૮. આપેલ વાક્યનો અર્થ સમજાતો હોય તેવો વિકલ્પ પસંદ કરો. ખરાંની ✔ નિશાની કરો :

(૧) ચંદુ એક જાડા ઝાડ પાછળ સંતાઈ ગયો.

- ✔ ઝાડ જાડું હોય તો જ હાથી સંતાઈ શકે.
- ☐ ઝાડ જાડું હોય તો જ હાથી નાનો દેખાય.
- ☐ હાથી કોઈ પણ ઝાડ પાછળ સંતાઈ શકે.

(૨) ટીકુએ અક્કલ વાપરી.

- ☐ ટીકુએ ચિત્ર દોરવામાં બધા રંગ વાપરી કાઢ્યા.
- ☐ ટીકુએ બુઢ્ઢીના બાલ ખરીદ્યા અને ખાઈ નાખ્યા.
- ✔ ટીકુ પાસે ઓછા રંગ હતા છતાં તેણે બુદ્ધિ વાપરી આખું ચિત્ર પૂરું કર્યું.

(૩) ચંદુએ આંખો ઝીણી કરી.

- ✔ ચંદુ ધ્યાનપૂર્વક જોવા લાગ્યો.
- ☐ ચંદુને દૂરનું દેખાતું ન હતું.
- ☐ ચંદુની આંખો ઝીણી હતી.

(૪) વાતોના તડાકા મારવા.

- ☐ વાતો કરતાં કરતાં કૂદકા મારવા લાગવું.
- ✔ ઘણી બધી વાતો કરવી.
- ☐ તડકામાં વાતો કરવી.

(૫) હસતાં હસતાં ચંદુના દાંત બહાર આવી ગયા.

- ☐ ચંદુ દાંત બહાર કાઢીને હસવા લાગ્યો.
- ☐ ચંદુ ખડખડાટ હસવા લાગ્યો.
- ✔ ખડખડાટ હસતાં ચંદુના દાંત દેખાવા લાગ્યા.

Scanned by CamScanner

૯. વાંચો અને લખો :

( ૧ ) બાહુબલી કુસ્તીમાં પ્રથમ આવ્યો.

( ૨ ) વર્ગમાં છોકરીઓ તનુને 'લાડુ-લાડુ' કહી મશ્કરી કરવા લાગી.

( ૩ ) કાચબાની પીઠ પથ્થર જેવી હોય છે.

( ૪ ) રીટાએ થપ્પો રમતાં ઝટ દઈને સુનીલને શોધી કાઢ્યો.

( ૫ ) નકામી વસ્તુમાંથી કંઈક નવું બનાવવા અક્કલ વાપરવી પડે.

( ૬ ) આપણે સ્વચ્છ કપડાં પહેરવાં જોઈએ.

૧૦. જુઓ અને લખો :

( ૧ ) ચ્છ

ચ | છ | ચ છ | ચ છ | ચ્છ

| | | |
|---|---|---|
| ɔ [1] | ર [2] | ચ્છ [3] |

| | | |
|---|---|---|
| ɔ | ર | ચ્છ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ચ્છ | | | | | | |

( ૨ ) શ્ન (શ્ન)

શ | ન | શ ન | શ ન | શ્ન

| | | |
|---|---|---|
| શ્ [1] | શ્ન [2] | શ્ન [3] |

| | | |
|---|---|---|
| શ્ | શ્ન | શ્ન |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| શ્ન | | | | | | |

Scanned by CamScanner

(૩) શ્વ

| શ | | વ | | શ વ | | શ વ | | શ્વ |

| ૪ ¹ | ૪૮ ² | શ્વ ³ | | ૪ | ૪૮ | શ્વ |

| શ્વ | | | | | | |
|---|---|---|---|---|---|---|

**૧૧. વાંચો, 'ચ્છ', 'શ્ન', 'શ્વ' જેમાં આવતાં હોય તેવા શબ્દો શોધી નીચે લીટી કરો :**

કેતને શિક્ષકને પ્રશ્ન પૂછ્યો : સાહેબ, આ શ્વાસ-ઉચ્છ્વાસ એટલે શું?

સાહેબ બોલ્યા : કેતન, આપણે નાક વડે જે હવા લઈએ તે ક્રિયાને શ્વાસ કહેવાય અને જે નાક વાટે હવા બહાર કાઢીએ તે ક્રિયાને ઉચ્છ્વાસ કહેવાય. જેમ સ્વચ્છ પાણી શરીર માટે સારું તેમ સારા સ્વાસ્થ્ય માટે સ્વચ્છ હવા જરૂરી છે.

**૧૨. 'ચ્છ', 'શ્ન', 'શ્વ'થી બનતા શબ્દોને ખાનામાં મૂકો :**

*(પ્રશ્ન, સ્વેચ્છા, અશ્વ, ઇચ્છા, પાર્શ્વ, શ્વેત, હિતેચ્છુ, ઈશ્વર, પિચ્છ, કમિશ્નર, ઓચ્છવ, વિશ્વ, તુચ્છ, વિશ્વાસ, શ્વસન, કચ્છ)*

| ચ્છ | શ્ન | શ્વ |
|---|---|---|
| સ્વેચ્છા | પ્રશ્ન | અશ્વ |
| ઇચ્છા | કમિશ્નર | પાર્શ્વ |
| હિતેચ્છુ | - | શ્વેત |
| પિચ્છ | - | ઈશ્વર |
| ઓચ્છવ | - | વિશ્વ |
| તુચ્છ | - | વિશ્વાસ |
| કચ્છ | - | શ્વસન |

Scanned by CamScanner

૧૪. ખોટી રીતે લખેલા અક્ષરોને સુધારીને, ગોઠવીને વાક્ય ફરીથી લખો :

ઉદાહરણ : શિક્ષકે વિદ્યાર્થીને શ્નપ્ર પૂછ્યો.

શિક્ષકે વિદ્યાર્થીને પ્રશ્ન પૂછ્યો.

(૧) જયેશ રવિવારે ચ્છકથી આવ્યો.

જયેશ રવિવારે કચ્છ થી આવ્યો.

(૨) ચ્છસ્વ હવા માટે વધુ વૃક્ષો વાવવાં જોઈએ.

સ્વચ્છ હવા માટે વધુ વૃક્ષો વાવવાં જોઇએ.

(૩) દર્દીઓએ ડૉક્ટરમાં શ્વાવિસ રાખવો જોઈએ.

દર્દીઓએ ડૉક્ટર માં વિશ્વાસ રાખવો જોઇએ.

(૪) રાજા શ્વઅ પર બેઠા હતા.

રાજા અશ્વ પર બેઠા હતા.

(૫) આરોનને ફૂટબૉલ રમવાની ચ્છાઇ થઈ.

આરોનને ફૂટબોલ રમવાની ઇચ્છા થઇ.

(૬) શ્વવિ ખૂબ જ સુંદર છે.

વિશ્વ ખૂબ જ સુંદર છે.

(૭) આપણે શ્વઈર પાસે જ્ઞાન માંગવું જોઈએ.

આપણે ઇશ્વર પાસે જ્ઞાન માંગવું જોઇએ.

(૮) સેરેનાને તશ્વે રંગનાં કપડાં ગમે છે.

સેરેનાને શ્વેત રંગનાં કપડાં ગમે છે.

Scanned by CamScanner

**૧૫. આપેલ વાક્યને વાંચો. તેવા અર્થવાળી પંક્તિ પા.પુ. પાન નંબર ૧૨૯ – ૧૩૦ પરના ગીતમાંથી શોધીને લખો :**

(૧) ચિત્ર દોરાઈ જતાં રામુએ ચિત્રનો સામાન ભેગો કરી લીધો.

ચિત્ર રહ્યું ત્યાં એણે કીધું લાલ સાંજનું દોરી દીધું.
પીંછી મૂકી દઈ બાજુએ કામ બધું સંકોરી લીધું.

(૨) રામુએ ચાંદા અને તારા જોઈ તેમાં પીંછીથી ચમકારા કર્યા.

ત્યાં તો દીઠો ચાંદલિયો ને દીઠા ટમટમ તારા,
રામુએ માર્યા પીંછીથી ચીતર્યા રે ચમકારા.

(૩) રામુએ શ્યામ રંગથી મનમાં હતું તેવું આકાશ ચીતર્યું.

રામુએ લઈ રંગ શ્યામ ને આભ દીધું ઉભારી.

(૪) સવાર પડતાં આકાશમાં પંખીઓનો અવાજ સંભળાવા લાગ્યો.

ત્યાં જ પડી ગઈ સવાર, આભનું ચિત્ર ગયું બદલાઈ,
પંખી કલરવ કરતાં ગાતાં તેજ ગયું પથરાઈ.

(૫) આકાશ અને રંગો જોઈને રામુ કંઈક નવું ચિત્ર દોરવા લાગ્યો.

ઘડીક વાર એ રંગ જુએ ને ઘડીક જુએ આકાશ
પળમાં પીંછી બોળીને એ કંઈક ચીતરતો ખાસ.

**૧૬. પહેલાં શું કર્યું... પછી શું કર્યું? વાક્યોને સવારથી સાંજના ક્રમમાં ગોઠવો :**

(૧) ચા-નાસ્તો કર્યો.
(૨) ચાંદામામા સપનામાં આવ્યા.
(૩) દાંત સાફ કર્યા.
(૪) ગણવેશ પહેરીને તૈયાર થયાં.
(૫) ગૃહકાર્ય કર્યું.
(૬) સ્નાન કર્યું.
(૭) ભાષાનો તાસ આવ્યો.
(૮) દાદીમાએ વાર્તા કહી.
(૯) મિત્રો સાથે રમત રમ્યાં.
(૧૦) પ્રાર્થનાસભામાં રજૂઆત કરી.

(૧) દાંત સાફ કર્યા.
(૨) સ્નાન કર્યું.
(૩) ગણવેશ પહેરીને તૈયાર થયાં.
(૪) ચા- નાસ્તો કર્યો.
(૫) પ્રાર્થનાસભામાં રજૂઆત કરી.
(૬) ભાષાનો તાસ આવ્યો.
(૭) ગૃહકાર્ય કર્યું.
(૮) મિત્રો સાથે રમત રમ્યાં.
(૯) દાદીમાએ વાર્તા કહી.
(૧૦) ચાંદામામા સપનામાં આવ્યા.

Scanned by CamScanner

૧૭. વાક્યો વાંચો, જુદાં પાડો :

વાક્ય વાંચો 'પહેલાં થયું તેની નીચે ______ અને પછી થયું હોય તેની નીચે ~~~~~~ કરો.'

ઉદાહરણ : વિરાટે બૂટ પહેર્યા. હવે એ નિશાળે જવા સીડી ઊતરે છે.

(૧) વિરાજ હાથ ધૂએ છે, કારણ કે એ ધૂળમાં રમતી હતી.

(૨) નીલા સફરજન ખાય છે, કેમ કે તેને ભૂખ લાગી હતી.

(૩) રૂબિનાએ બહાર ખાધું હતું એટલે એને પેટમાં દુઃખે છે.

(૪) મારી પાસે ચાર પેન હતી અને આનંદે મને એક પેન આપી.

(૫) સાઇકલમાં પંચર પડ્યું માટે હું ચાલું છું.

(૬) કાલે રવિવાર હતો એટલે સેરેના આજે દવાખાને જાય છે.

૧૮. નીચે આપેલાં વાક્યોને ઉદાહરણ પ્રમાણે ગઈકાલ, આજ, આવતી કાલના ખાનામાં મૂકો :

(૧) આંશી પુસ્તક વાંચશે. (૨) સંજય શાળાએ જાય છે.

(૩) નિલોફર શાંત બેઠી હતી. (૪) પ્રીતિ પાણી ભરે છે.

(૫) કાજલ દોડશે. (૬) વિશાલ રમતો હતો.

(૭) ગૌરવ આણંદ ગયો હતો. (૮) હું લખું છું.

| | રવિવાર<br>આજ | શનિવાર<br>ગઈકાલ | સોમવાર<br>આવતી કાલ |
|---|---|---|---|
| ઉદા.,<br>(૧) | આંશી પુસ્તક વાંચે છે. | આંશી પુસ્તક વાંચતી હતી. | આંશી પુસ્તક વાંચશે. |
| (૨) | સંજય શાળાએ જાય છે | સંજય શાળાએ જતો હતો. | સંજય શાળાએ જશે. |
| (૩) | નિલોફર શાંત બેઠી છે. | નિલોફર શાંત બેઠી હતી. | નિલોફર શાંત બેસશે. |
| (૪) | પ્રીતિ પાણી ભરે છે. | પ્રીતિ પાણી ભરતી હતી. | પ્રીતિ પાણી ભરશે. |
| (૫) | કાજલ દોડે છે. | કાજલ દોડતી હતી. | કાજલ દોડશે. |
| (૬) | વિશાલ રમે છે | વિશાલ રમતો હતો. | વિશાલ રમશે. |
| (૭) | ગૌરવ આણંદ જાય છે. | ગૌરવ આણંદ ગયો હતો. | ગૌરવ આણંદ જશે. |
| (૮) | હું લખું છું | હું લખતો હતો. | હું લખીશ. |

Scanned by CamScanner

**૧૯. વાક્યો વાંચો. કૌંસમાં આપેલી ક્રિયાનો ઉપયોગ કરી ખાલી જગ્યા પૂરો :**

(૧) હું સવારે વહેલી ઊઠી ત્યારે મારા રૂમમાં ચકલી ચીં ચીં કરતી હતી. (કરવું). અત્યારે તે આંગણામાં ચીં ચીં કરે છે. (કરવું).


(૨) ગઈકાલે ઝાડ પર વાંદરાભાઈ ગીત ગાતા હતા. (ગાવું). આજે ઘરના છાપરા પર વાંદરાભાઈ ગીત ગાય છે. (ગાવું).

(૩) રુદ્રએ ગઈકાલે લગ્નમાં પૂરી ખાધી હતી (ખાવું). આજે શાળામાં પણ તે પૂરી ખાય છે. (ખાવું).

(૪) અંકિત રજાઓમાં અમદાવાદ ગયો હતો (જવું). અત્યારે તે નડિયાદ જાય છે. (જવું).

(૫) જાવેદે બાગમાં ફૂલછોડ રોપ્યા હતા (રોપવું). આજે તે તુલસીનો છોડ રોપે છે. (રોપવું).

**૨૦. (અ) આપેલ અક્ષર અને ચિત્રને ધ્યાનપૂર્વક જુઓ. ચિત્ર પરથી શબ્દો અને વાક્યો લખો :**




**શબ્દો :** (૧) કાળી (૨) દિન (૩) રાત
(૪) પ્રકાશ (૫) ભરેલો (૬) રંગોનો
(૭) મેળો

**વાક્યો :** (૧) રાત કાળી ને દિન પ્રકાશ ભરેલો છે.
(૨) મા઼ઘ તો રંગનો મેળો.


(બ) ચિત્ર પરથી શબ્દો બનાવો, લખો :

(૧)  – આકાશ

(૨)  – દિન

(૩)  – મામા

(૪)  – રેત

(૫)  – રંગો

(૬)  – મેળો

(૭)  – ઘરે

(૮)  – મારા

(૯)  – માળો

(૧૦)  – કાળી

(૧૧)  – આશા

(૧૨)  – રે લો

(ક) ચિત્ર પરથી વાક્યો બનાવો, લખો :

(૧) 

મારા ઘર રંગો છે.

(૨) 

આ રાત કાળી છે.

(૩) 

આજ તો રંગોનો મેળો છે.

Scanned by CamScanner

(૪) 

દિન પ્રકાશ લેરે લો છે.

(૫) 

દિનેશ ને પ્રકાશ મામા ઘેર છે.

**૨૧. નીચેના શબ્દોમાં યોગ્ય અક્ષર પર બિંદી (અનુસ્વાર) મૂકી શબ્દો ફરીથી લખો :**

(૧) મયક (૨) ચદન (૩) સાઠો (૪) સતાકૂકડી (૫) હાફવા (૬) પાદડુ (૭) આખ (૮) સારુ (૯) વાધો (૧૦) મરચા

(૧) મયંક (૨) ચંદન
(૩) સાંઠો (૪) સંતાકૂકડી
(૫) હાંફવા (૬) પાંદડું
(૭) આંખ (૮) સારું
(૯) વાંધો (૧૦) મરચાં

**૨૨. કૌંસમાં આપેલ ક્રિયાનો ઉપયોગ કરી ખાલી જગ્યા પૂરો :**

(૧) અમે ગઈકાલે મુંબઈ ગયાં હતાં. (જવું)
(૨) મમ્મી આજે રસોડામાં રસોઈ બનાવે છે. (બનાવવું)
(૩) અમે આવતી કાલે ચિત્ર દોરીશું. (દોરવું)
(૪) માળી આજે બગીચામાં ફૂલછોડને પાણી પાય છે. (પાવું)
(૫) હરિતા આવતી કાલે પ્રાર્થનાસભામાં ભજન ગાશે. (ગાવું)

**૨૩. વિરોધી અર્થવાળા શબ્દોનાં બંધબેસતાં જોડકાં ગોઠવો :**

| 'અ' | ઉત્તર | 'બ' |
|---|---|---|
| (૧) આગળ × | પાછળ | (ક) મોટી |
| (૨) ઉપર × | નીચે | (ખ) સાંકડું |
| (૩) નાની × | મોટી | (ગ) પાતળી |
| (૪) જાડી × | પાતળી | (ઘ) જીતવું |
| (૫) ચડવું × | ઊતરવું | (ચ) પાછળ |
| (૬) પહોળું × | સાંકડું | (છ) બંધ કરવું |
| (૭) હારવું × | જીતવું | (જ) નીચે |
| (૮) ખોલવું × | બંધ કરવું | (ઝ) ઊતરવું |

Scanned by CamScanner

## પ્રવૃત્તિઓ

૧. ચાલો, ગાઈએ ગીતડું : મારી દોસ્તી


૨. ચિત્રમાં કોણ ક્યાં ક્યાં સંતાયું છે?



| પ્રાણીનાં નામ | ક્યાં છે? |
|---|---|
| (૧) વાંદરો | – ઝાડ ની ડાળી પાછળ |
| (૨) સસલું | – ઊંચા ઘાસ ની પાછળ |
| (૩) વાઘ | – ગુફા ની પાછળ |
| (૪) સાપ | – થડ ની બખોલ માં |
| (૫) જિરાફ | – ઝાડી ની પાછળ |
| (૬) શિયાળ | – પર્વત ની પાછળ |
| (૭) સિંહ | – પથ્થર ની પાછળ |
| (૮) ભૂંડ | – કીચડ માં |

Scanned by CamScanner

૩. દોરો, રંગ પૂરો :





* ચિત્ર (૪) જેવું ચિત્ર દોરો. આખું પેટ ‘શ્ર… શ્ર…’, આખું માથું-સૂંઢ ‘ચ્છ… ચ્છ…’ બધા પગમાં ‘શ્વ… શ્વ…’ મનપસંદ રંગથી લખો :

Scanned by CamScanner

૪. 'એનઘેન દીવાઘેન' વાર્તાના સંવાદનો પહેલાં વાર્તા પ્રમાણે અને ત્યારબાદ જુદો અભિનય કરો.


૫. "ચાલો, વિચારીએ ... ... મજા કરીએ ..." પ્રશ્નોના ઉત્તર આપો : (મૌખિક)

(૧)




(૧) આ ચિત્રમાં શું જુદું લાગે છે?
(૨) ફૂલ ઊડવા લાગે તો શું થાય?
(૩) પતંગિયાને પાંખો ના હોય તો...?

(૨)



(૧) આ ચિત્રમાં શું ખૂટતું / જુદું લાગે છે?
(૨) પોપટને ચાંચ ન હોય તો શી મુશ્કેલી પડે?
(૩) તમને કયું પક્ષી ખૂબ ગમે છે? શા માટે?

(૩)



(૧) આ ચિત્રમાં તમને શું અલગ લાગે છે?
(૨) દડો કેવી રીતે ઝાડ પર આવ્યો હશે?
(૩) વૃક્ષને ડાળીઓ ન હોય તો ...?
(૪) તમને કેવું ઝાડ ગમે? શા માટે?
(૫) તમારા પ્રિય વૃક્ષનું નામ કહો.

૬. નીચેની વાર્તા વાંચો. વાર્તામાંના સંવાદ અભિનય સાથે બોલો :

## કીડી અને કબૂતર

(૧) એક નદી હતી. નદીકિનારે એક વૃક્ષ હતું. વૃક્ષની ડાળી પર કબૂતર બેસતું. વૃક્ષની નીચે દરમાં કીડી રહે. બંને નવરાશના સમયમાં સાથે બેસીને વાતો કરે.


એક વખત વરસાદ પડ્યો. ચારે બાજુ પાણી ભરાઈ ગયું. કીડી પાણીમાં તણાવા લાગી.

અરે, મને કોઈ બચાવો... બચાવો...



(૨) ડાળી પર બેઠેલા કબૂતરે બૂમ સાંભળી. તેણે જોયું તો કીડી પાણીમાં તણાવા લાગી હતી.

(મનમાં) અરે બાપ રે! કીડીબહેન બિચારાં તણાઈ રહ્યાં છે. મારે એમને બચાવવા કંઈક કરવું જ પડશે. પણ, હું શું કરું? હા, ઉપાય મળી ગયો. વૃક્ષનું એક પાંદડું તોડીને નાખું. કીડીબહેન પાંદડા પર ચડી જશે. પછી હું હળવેકથી તેમને પાંદડા સાથે મારી ચાંચથી કિનારે લઈ આવીશ.
(મોટેથી) કીડીબહેન... ગભરાશો નહિ, હું આવું છું.




(૩) કબૂતરે વૃક્ષનું પાંદડું તોડીને કીડી પાસે નાખ્યું. કીડીએ પાંદડું જોયું. તે તરત જ પાંદડા પર ચડી ગઈ. કબૂતર પાંદડાને હળવેકથી ચાંચમાં પકડીને કિનારે લાવ્યું.

કબૂતરભાઈ, તમારો ખૂબ ખૂબ આભાર. તમે મને આજે બચાવી. તમારો ઉપકાર હું કદી નહિ ભૂલું.



કીડીબહેન, એમાં આભાર શાનો? આપણે એકબીજાનાં પાડોશી છીએ, વળી દોસ્ત પણ.



(૪) થોડા દિવસ પછી ત્યાં એક પારધી આવ્યો. કબૂતર ઝાડની ડાળી પર બેઠેલું હતું. પારધીએ કબૂતરનો શિકાર કરવા બાણ તાક્યું.

(મનમાં) અરે, આ પારધી શું કરે છે? મારા પાડોશી મિત્ર પર બાણ છોડે છે? કબૂતરભાઈને તો એની કશી ખબર જ નથી. એ તો મસ્તીથી 'ઘૂ... ઘૂ...' કરે છે. મારે તેમને બચાવવા કંઈક કરવું જ જોઈએ. હું શું કરું? ડાળી સુધી તો પહોંચી શકાય તેમ નથી. ચાલ, આ પારધીને જ ચટકો ભરું.



તરત જ કીડી પારધી પાસે આવી. પારધીના પગે જોરદાર ચટકો ભર્યો.

ઓ બાપ રે!
મને પગે ચટકો કોણે ભર્યો?



(૫) પારધીના હાથમાંથી બાણ છૂટી ગયું. તે નિશાન ચૂકી ગયું. અવાજ થતાં કબૂતર ઊડી ગયું. કબૂતર બચી ગયું.

કબૂતરને ખબર પડી કે કીડીબહેને જ મારો જીવ બચાવ્યો છે.

કીડીબહેન, તમે આજે મારો જીવ બચાવ્યો. તમે મારાં સાચાં દોસ્ત અને પાડોશી છો.




* **સાચે જ બીજાનું ભલું કરવાથી આપણું ભલું થાય છે.**

**૭. મોટેથી ગાઓ :**

ઉંદરમામા કેવા શાણા,
ચૂં ચૂં કરતા ગાય.
મીની પાસે આવે ત્યાં તો
દરમાં પેસી જાય.

**૮. કબૂતરના ચિત્રમાં યોગ્ય રંગ પૂરો :**



**ગુણ / ગ્રેડ** **શિક્ષકની સહી**

Scanned by CamScanner